RESERVE BANK OF INDIA

www.rbi.org.in
www.rbi.org.in\hindi
e-mail: helpprd@rbi.org.in

પ્રેશ રિલેશન ડિવિઝન, સેન્ટ્રલ ઓફિસ, પોસ્ટ બોક્સ 406, મુંબઇ 400 001
ફોન: 2266 0502 ફેક્સ: 2266 0358, 2270 3279

24 એપ્રિલ, 2004

## એન આર આઈ પાસેથી થાપણનો વ્યક્તિગત સ્વીકાર આરબીઆઇ નામંજૂર કરે છે.

માન્યતા પ્રાપ્ત ડિલર્સ અથવા માન્યતા પ્રાપ્ત બેંક સિવાય વ્યક્તિગત ધોરણે બિનનિવાસી ભારતીયો પાસેથી થાપણ સ્વીકારવાની મંજૂરી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા આજથી આપતી નથી. વિદેશ રહેતા લોકો પાસેથી નવી રકમ લેવાની મંજૂરી વ્યક્તિગત રીતે મળશે નહીં. તેમને એન આર આઈ પાસેથી રકમ તેમના નોન રેસિડેન્ટ એકસટર્નલ (એન આર ઇ) / ફોરેન કરન્સી નોન રેસિડેન્સ (બેંકસ) (એફસીએનઆર (બી)) ખાતામાં ઉધારી નહીં શકે. જો કે તેમણે અગાઉથી લીધેલી આ પ્રકારની ડિપોઝીટ ચાલુ રાખવા તેમજ તેની રિન્યૂ કરવાની મંજૂરી આરબીઆઇ આપે છે. આવી ટિપોઝીટ રિન્યૂ કરવા માટે તેમના ચોપડામાં NRIs ના નામ રિપેટ્રિએશન અથવા નોન રિપેટ્રિએશન બેઝિસ પર નોંધવા. રિપેટ્રિએબલની આવી ડિપોઝીટ પર વ્યાજ મળવાનું ચાલુ રહેશે.

માન્યતા પ્રાપ્ત ડિલર્સ / બેંકો સિવાય અન્ય કોઇને વ્યક્તિગત ધોરણે બિન નિવાસી ભારતીયો પાસેથી ડિપોઝીટ સ્વીકારવાની નામંજૂરી આપવાનો નિર્ણય, પ્રવર્તમાન ફેરફારોને લક્ષમાં રાખી જૂની બાબતોની ફેરતપાસ કરી લેવામાં આવ્યો છે.

અગાઉના નિયમાનુસાર માન્યતા પ્રાપ્ત ડિલર્સ / બેંકો ઉપરાંત કંપનીઓના ધારા, 1956 હેઠળ નોંધાયેલી કંપનીઓ (રિઝર્વ બેંકમાં નોંધાયેલ નોન બેંકિંગ ફાયનાન્સ કંપની સહિત) અથવા ધારાસભાના કાયદા હેઠળ બનેલી કોર્પોરેટ બોડી, એનઆરઆઇ પાસેથી રિપેટ્રિએશન બેઝિસ પર ડિપોઝીટ સ્વીકારી શકતી હતી. જયારે કંપની અથવા પ્રોપરાઇટરશીપ કન્સર્ન કે પેઢી નોન રિપેટ્રિએશનના પાયા પર એનઆરઆઇ પાસેથી ડિપોઝીટ સ્વીકારી શકતા હતા. આવી ડિપોઝીટ પરનું વ્યાજ ભારત બહાર રહેતા રિપેટ્રિએટેડ માટે લાયકાતપાત્ર આવક ગણાય.

માન્યતા પ્રાપ્ત ડિલર્સને સૂચવવામાં આવે છે કે તેઓ તેમના નિમાયેલી પેઢીની નોટીસ અંગે તપાસ કરી લે.

પી. વી. સદાનંદન
પ્રબંધક

પ્રેસ રિલીઝ: 2003-2004/1264